## વાત ગાંધીનગરની

સોમવતી અમાસ હોવા છતાં શહેરના શિવાલયોમાં ભાવિકોની સંખ્યા પાંખી હતી. સચિવાલયમાં મુલાકાતીઓની સંખ્યા પણ પાંખી હતી. પણ મુખ્યમંત્રીના બંગલે રાજકીય ધમધમાટ જોવા મળતો હતો.

**સરપ્રાઈઝનો સીલસીલો જળવાયો**

ભાજપે ઉમેદવારો કે હોદ્દેદારોની પસંદગીમાં હંમેશા સરપ્રાઈઝ જ આપી છે. પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીની વિદાય નિશ્ચિત હતી પણ તેમના સ્થાને કોણ કોણ આવી શકે તેની અટકળો છેલ્લા બે મહિનાથી અખબારોમાં ને ભાજપના વર્તુળોમાં ચાલતી હતી, પરંતુ એ બધા ઉપર ચોકડી મારી પટેલ, ઠાકોર કે ઓબીસીના સમીકરણોને કોરાણે મુકી નોન ગુજરાતી એટલે કે મહારાષ્ટ્રીય સાંસદ સી.આર. પાટીલને પ્રદેશ પ્રમુખ બનાવી વધુ એક સરપ્રાઈઝ ભાજપે આપી છે.

**પાટનગરમાં અફવા બજાર ગરમા-ગરમ**

ભાજપ પ્રદેશ પ્રમુખની નિમણુંકના પગલે ગાંધીનગરની રાજકીય ગલીયારીમાં પટેલ મુખ્યમંત્રીના પડીકા જોરશોરથી વહેંચાતા થયા છે. પટેલ લોબી પણ ઓચિંતી જ સક્રીય બની ગઈ છે. હવે નવી અટકળો થવા લાગી છે. મનસુખભાઈ માંડવીયા, પ્રફુલ્લભાઈ પટેલ, કૌશિકભાઈ પટેલ જેવા નામો ફરવા માંડ્યા છે. પરંતુ નરેન્દ્રભાઈ મોદી અને અમિત શાહ કોથળામાંથી બિલાડુ કાઢી નવું જ નામ 'કોરીસ્લેટ' મુકશે એમાં ના નહીં..! સવાલ માત્ર સમયનો છે. પાટનગરનું રાજકારણ ગરમાયું છે અને સ્વર્ણિમ સંકુલમાં સરપ્રાઈઝની ચર્ચાઓ ધમધમી હતી.

**સ્વૈચ્છિક લોકડાઉનની નોબત**

દેશભરમાં કોમ્યુનીટી ટ્રાન્સમીશનના પગલે કોરોના ગંભીર સ્થિતિએ પહોંચી રહ્યો છે. ત્યારે દૂધનો દાઝ્યો છાશ ફુંકી ફુંકીને પીએ એમ સરકાર તો હવે લોકડાઉનનું કઈ વિચારવાની નથી એ સ્પષ્ટ છે. જ્યારે વેપારીઓ અને સ્વૈચ્છિક સંગઠનો દ્વારા સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કરવાની નોબત આવી ચુકી છે. ઊંઝા, બાયડ, વિસનગર જેવા અનેક વેપારી મથકોએ એક એક સપ્તાહ સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કર્યુ છે. ગાંધીનગરે પણ પ્રેરણા લેવી જોઈએ.

**શંકરસિંહ આજે જન્મદિવસ નહીં ઉજવે**

પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાનો આજે ૮૦ મો જન્મ દિવસ છે. પ્રતિ વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પ્રથમ વખત એટલે કે ૨૧ જુલાઈને મંગળવારે 'વસંતવગડે' કોઈ શુભેચ્છક કે સમર્થક નહી આવવા શંકરસિંહ વાઘેલાએ વિડીયો દ્વારા જાહેર અપીલ કરી છે. તેમને તો ભેટ કે પુષ્પ મોકલવાની પણ ના પાડી છે. માત્ર ફોન પર જ શુભેચ્છા આપવાનું જણાવ્યું છે. તેઓ સ્વસ્થ છે પરંતુ તકેદારીરૂપે મુલાકાતથી દૂર રહેવા તબીબ સલાહ પણ છે.

**પેટા ચૂંટણીની તૈયારીઓ બંને પક્ષે**

ઓગષ્ટના પ્રથમ સપ્તાહમાં રાજ્યની ખાલી પડેલી ૮ બેઠકો માટે પેટા ચૂંટણીની વિધિવત જાહેરાત થશે ત્યારે આજે સવારે મુખ્યમંત્રીના બંગલે આઠે-આઠ બેઠકોના નિરીક્ષકોના અહેવાલ પર વિસ્તૃત ચર્ચા કરી ઉમેદવારોની યાદીને લગભગ અંતિમ સ્વરૂપ અપાયું. જ્યારે કોંગ્રેસ પણ એડીચોટીનું જોર લગાવી જીતી શકે તેવા ઉમેદવારોને મેદાનમાં ઉતારવા મથામણ કરી રહી છે.

**'અર્ક' આજનો...**

કોઈને અડવું નહિં એ કોરોના કાળમાં શીખ્યા, પણ કોઈને નડવું નહીં એ ક્યારે શીખીશુ..?!

# ભાજપના નવા પ્રદેશ પ્રમુખ તરીકે સી.આર. પાટીલ નિમાયા

**નવસારીનાં સાંસદને નવી જવાબદારી સોંપવામાં આવી : રાજ્યમાં ભાજપનાં નવા પ્રદેશ પ્રમુખને લઈને છેલ્લાં કેટલાંય સમયથી અનેક નામોની ચર્ચાઓ ચાલી રહી હતી**

અમદાવાદ, તા. ૨૦

ગુજરાતમાં એક તરફ રાજ્યસભાની પેટા ચૂંટણીની તૈયારીઓનાં પડઘા સંભળાઈ રહ્યાં છે એવામાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે તોડ-જોડની રાજનીતિ ચાલી રહી છે. આ તમામ ઘટનાઓ વચ્ચે તાજેતરમાં જ ગુજરાત ભાજપનાં નવા પ્રદેશ પ્રમુખની વરણી કરવામાં આવી છે. સી.આર. પાટિલને ભાજપનાં નવા પ્રદેશ પ્રમુખ બનાવવામાં આવ્યાં છે. રાજ્યમાં ભાજપનાં નવા પ્રદેશ પ્રમુખને લઈને છેલ્લાં કેટલાંય સમયથી અનેક નામોની ચર્ચાઓ ચાલી રહી હતી. આખરે ભાજપે નવસારીનાં સાંસદ અને ભાજપનાં પીઢનેતા એવાં સી.આર.પાટીલનાં નામ પર મહોર મારી તેઓને ગુજરાત ભાજપનાં નવા પ્રદેશ



અધ્યક્ષ બનાવ્યાં છે. જીતુ વાઘાણીને બદલે સી.આર. પાટિલને ભાજપનાં નવા પ્રદેશ પ્રમુખ બનાવવામાં આવ્યાં છે. સીઆર પાટીલ અત્યારે નવસારીનાં સાંસદ છે. જીતુ વાઘાણીને ભાજપનાં પ્રદેશ પ્રમુખ પદેથી હટાવી સી.આર પાટીલને આ હોદ્દો આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા ભાજપનાં પ્રદેશ પ્રમુખનો કાર્યકાળ ગત ઓગસ્ટમાં જ પૂર્ણ થઈ ગયો હતો. જો કે ત્યારબાદ અનેક વાર સંગઠનમાં ફેરફારોની અટકળો વહેતી થઈ હતી. આ અટકળો વચ્ચે આખરે ભાજપ હાઈકમાન્ડે પ્રદેશ પ્રમુખ તરીકે નવસારીનાં સાંસદ સી.આર. પાટીલની વરણી કરી દીધી છે.

ગુજરાતના નવા પ્રદેશ પ્રમુખ તરીકે હરિ ચૌધરી, શંકર ચૌધરી, મનસુખ માંડવિયા, ભુપેન્દ્રસિંહ ચુડાસમા તો ઉત્તર ગુજરાતમાંથી કે.સી.પટેલનું નામ રેસમાં આગળ હોવાનું સામે આવ્યું હતું પરંતુ અચાનક જ ગુજરાત ભાજપે આરસી પાટીલની નિમણૂક કરી સૌ કોઈને ચોંકાવી દીધા છે. સીઆર પાટીલ ગત લોકસભામાં સૌથી વધુ મતથી જીતનારા ત્રીજા ક્રમના સાંસદ છે.

૧૯૮૮ સુધી ગુજરાતમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવનાર સી. આર. પાટીલે પોલીસમાંથી રાજીનામું આપીને બીજા વર્ષે પત્નીના નામે ડાઈંગ મિલ શરૂ કરી હતી. પાટીલ એ શાહ અને મોદીના અંગત વિશ્વાસું માણસ છે. મોદીએ વારાણસીના કેમ્પેઈન માટે પણ પાટીલની પસંદગી કરી હતી. જેઓ મહિનાઓ સુધી સુરત છોડીને વારાણસીમાં રોકાયા હતા.



હરહર મહાદેવ - શ્રાવણના પ્રારંભે ભગવાન સદાશીવને પ્રાર્થીએ... કે, વૈશ્વિક મહામારીમાંથી મુક્ત કરી સૌને સ્વસ્થ જીવન આપો... પ્રાર્થીએ છીએ... 'તમો ભક્તોના ભય હરનારા, શુભ સૌનું સદા કરનારા... કષ્ટ કાપો...

# ડીડીઓના મનસ્વી વલણ સામે રૂ.૧નો માસિક દંડ કરવા ઠરાવ

**જિલ્લા વિકાસ અધિકારી નાગરીકો કે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓની રજુઆતો સાંભળતા નથી અને તેઓને ઓફીસ સમય દરમિયાન મુલાકાતનો અલગ સમય ફાળવતા નથી**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીના મનસ્વી વર્તન અંગેનો પડઘો આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પણ પડ્યો હતો.

કોંગી સભ્ય ભાવિનસિંહ ઠાકોરે આ અંગે પ્રસ્તાવ રજુ કરી ડીડીઓને ઠપકો આપે છે તેમજ તેમના પગારમાંથી માસિક ૧ રૂ.નો કાપ મુકવા સરકારને જણાવે છે.

સભ્યોએ આ ઠરાવના વાંચનના અંતે તે પસાર કર્યો હતો. જો કે અધિકારી તરીકે ડીડીઓએ તેનો વિરોધ કર્યો હતો અને જણાવ્યુ હતુ કે આ તમારા અધિકારક્ષેત્રમાં આવતુ નથી. પૂર્વ ચેરમેન અરવિંદસિંહ સોલંકીએ આ પ્રસ્તાવ વિકાસ કમિશનરને પ્રતિષેધ કરવાદોને તમે કેમ અકળાઈ જાવ છો. આ પ્રસ્તાવ અમે પસાર ધ્વનિ મતથી કરીએ છીએ તેવુ જાહેર પણ કરી દીધુ. ભાવિનસિંહ ઠાકોરે આ પ્રસ્તાવનું વાંચન કરતાં જણાવ્યું હતુ કે ગાંધીનગર જિલ્લા નાગરીકો દ્વારા જિલ્લા વિકાસ અધિકારીના મનસ્વી વર્તન અંગે વ્યાપક રજુઆતો મળેલ છે. જિલ્લા વિકાસ અધિકારી નાગરીકો કે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓની રજુઆતો સાંભળતા નથી અને તેઓને ઓફીસ સમય દરમિયાન મુલાકાતનો અલગ સમય ફાળવતા નથી. જિલ્લા પંજચાયત સદસ્યોની ગરીમા જળવાતી નથી જેથી જિલ્લાના વિકાસના કામોને ગંભીર અસર પડેલ છે. આ પરિસ્થિતિ વધુ લાંબો સમય ચાલે તો જિલ્લા પંચાયતના રોજીંદી કામગીરીમાં અને લોકશાહીના મુલ્યોની જાળવણીમાં ગંભીર અસર થાય તેમ છે તો આજની સામાન્ય સભા આ બાબતે જિલ્લા વિકાસ અધિકારીને ઠપકો આપવા અને પ્રજાલક્ષી વર્તુણુંક કરવા જણાવે છે અને તેઓના પગારમાંથી માસીક એક રૂપિયો પગાર કાપ કરવા રાજ્ય સરકારને જણાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

# આજથી પવિત્ર શ્રાવણ : શિવમંદિરોમાં ભાવિકોને ગર્ભગૃહમાં પ્રવેશ નહીં અપાય

**કોરોનાની મહામારીના લીધે ભાવિકોએ ઘરે જ પુજા અર્ચના કરવી પડશે : જો કે મંદિરોમાં શિવલીંગના દર્શન કરવા ભાવિકોએ સોશિયલ ડીસ્ટન્સીંગ તેમજ માસ્ક ફરજિયાત પહેરવાના રહેશે : લઘુરુદ્ર, ભજન, સમુહ ધુન સહીતના ધાર્મિક કાર્યક્રમો તેમજ મેળાનુ આયોજન પણ થશે નહીં : કોરોનાની મહામારીને ડામવા ભાવિકો ભોળાનાથને પ્રાર્થના કરશે**

ગાંધીનગર તા ૨૦

આજથી પવિત્ર શ્રાવણ મહીનાની શરૂઆત થશે કોરોનાની મહામારી વચ્ચે આ વર્ષે પવિત્ર શ્રાવણ મહીનામાં નાગરિકોએ ઘરે જ ભોળાનાથની પુજા અર્ચના કરવી પડશે. મંદિરોમાં ગર્ભગૃહમાં ભાવિકોને પ્રવેશ આપવામાં નહીં આવે જયારે ભાવિકો ભોળાનાથના દર્શન કરી શકશે જો કે આ દરમિયાન પણ માસ્ક તેમજ સોશિયલ ડીસ્ટન્સીંગનુ જરૂરી પાલન કરવાનુ રહેશે. કોરોનાના કહેર વચ્ચે પ્રથમવાર શિવાલયોમાં ભાવિકોની ભીડ પર કાબુ જોવા મળશે જયારે શ્રાવણ મહીના દરમિયાન થતી વિવિધ પ્રકારની પુજા અર્ચનામાં ભાવિકોની હાજરી જોવા નહીં મળે.નગરના મંદિરોમાં શિવજીના દર્શન માટે પણ જરૂરી નિયમોનુ પાલન કરવાનુ રહેશે. આ સ્થિતિને ધ્યાને લઈ ભાવિકોએ પણ ઘરે પાર્થેશ્વર શિવલીંગ બનાવી પુજા કરવાનુ આયોજન કર્યુ છે. આ ઉપરાંત ઓમ નમ : શિવાયના મંત્રજાપ કરી શિવકૃપા મેળવવા માટે પણ ભાવિકો ઉત્સુક બન્યા છે. પવિત્ર શ્રાવણ મહીના દરમિયાન કોરોનાના રોગચાળાને ડામવા માટે પણ ભોળા શિવજીને પ્રાર્થના કરશે. છેલ્લા ચાર મહીનાથી કોરોનાની મહામારીને અનુલક્ષી લોકડાઉનની સ્થિતિ વચ્ચે ભાવિકો લાંબા સમયના અંતે મંદિરના દ્વાર ખુલતા ભગવાનના દર્શન માટે જાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર ડેપોએ આખરે સાડા ત્રણ મહિનાના અંતે શહેરી બસ સેવા શરૂ કરી

**પ્રારંભિક તબક્કામાં માત્ર ૩૦ ટકા બસો જ રૂટમાં દોડશે : તબક્કાવાર સેવાનો વ્યાપ વધારાશે : કોરોના કાળમાં ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી શહેરી બસ સેવા બંધ હતી : રોજબરોજ અપડાઉન કરતા નોકરીયાતને નિરાંત થશે**

ગાંધીનગર તા ૨૦

કોરોના કાળમાં છેલ્લા સાડા ત્રણ મહીનાથી ગાંધીનગર ડેપોથી શહેરી બસ સેવા બંધ હતી જેના લીધે એસ ટી ડેપોએ પણ લાખો રૂપિયાની ખોટ



સહન કરવાનો વારો આવ્યો હતો. જયારે શહેરી બસ સેવા બંધ હોવાના લીધે નોકરીયાત વર્ગને પણ રોજબરોજ મુશ્કેલી વેઠવી પડતી હતી. જો કે આજથી એસ ટી ડેપોએ ગાંધીનગર અમદાવાદ વચ્ચેની શહેરી બસ સેવા શરૂ કરી દીધી છે. પરંતુ પ્રાથમિક તબક્કામાં માત્ર ૩૦ ટકા બસો જ દોડાવાશે તબક્કાવાર બસ સેવાનો વ્યાપ વધારાશે.

કોરોના કાળ વચ્ચે છેલ્લા ત્રણ મહીનાથી ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી શહેરી બસ સેવા બંધ છે. જેના લીધે છેલ્લા ઘણાં સમયથી સ્થાનિક રહીશો તેમજ અપડાઉન કર્તાઓએ ખાનગી વાહનોના આધારે જોખમી મુસાફરી કરવી પડે છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે અપડાઉન કરનારાઓની સંખ્યા પણ વિશેષ છે. હાલ શાળા કોલેજો બંધ હોવાથી વિદ્યાર્થીઆની અવરજવર રહેતી નથી પરંતુ ગાંધીનગર તેમજ અમદાવાદમાં નોકરી કરતા તેમજ અન્ય કામ અર્થે જતા સ્થાનિકોએ અમદાવાદ જવા માટે કેબ કે ખાનગી વાહનોનો જ આધાર લેવો પડતો હતો છેલ્લા ત્રણ મહીનાથી શહેરી બસ સેવા બંધ હતી

● અનુસંધાન પાન-૭ પર

# ૧૮/૫ના પરિપત્રમાં સુધારા કરવાની તંત્રની તૈયારીથી ઘીના ઠામમાં ઘી પડ્યુ !!

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં ૧૮-૫-૨૦૨૦ના પરિપત્રને રદ કરવાની સભ્યોની માંગણી સામે તંત્રએ તેમાં ઉપલબ્ધ ભંડોળ મુજબ મર્યાદામાં ખર્ચ કરવાની મંજૂરી અપાશે તેવો સુધારો કરવાની તૈયારી દર્શાવતા ઘી ના ઠામમાં ઘી પડી ગયુ હતુ.

શ્રીમતિ મંગુબેન શ. પટેલના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં આજે આ મુદ્દે સભ્યો થોડાક આક્રમક જણાતા હતા પરંતુ વહીવટીય કુશળતા માટે પંકાયેલ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ સમયસર દરમ્યાનગીરી કરી ઉપલબ્ધ ફંડમાં રિઝર્વ ફંડ રાખી જે રકમ વધે તેમાંથી સભ્યોના વિસ્તાર વિકાસના કામો હાથ ધરવાની મંજૂરી આપવી જોઈએ તેવો વિચાર રજુ કર્યો હતો જેની સાથે સભ્યો સહમત થયા હતા.

એક તબક્કે અગાઉના જિલ્લા વિકાસ અધિકારીએ કરેલા પરિપત્રને રદ કરવાની માંગ કરતો અધ્યક્ષસ્થાનેથી ઠરાવ પણ રજુ થયો હતો પરંતુ બળદેવજી ઠાકોર અને સી.જે. ચાવડાની રજુઆતને ધ્યાને રાખી આ પ્રસ્તાવ પાછો ખેંચી લેવાયો હતો.

જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દુહાને પણ સરકારની નીતિ અને મર્યાદાઓનો ઉલ્લેખ કરી કોરોનાની મહામારીની આ સ્થિતિમાં પરિપત્ર રદ ન કરી શકાય પરંતુ તેમાં સુધારા હુકમ કરી શકાય તેવુ સકારાત્મક વલણ દાખવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

**Gujarat State Petronet Limited**
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Reg. Off.: GSPC Bhavan, Sector-11, Gandhinagar-382010, Gujarat, India. Tel.: +91-79-66701001 / 23268500
Fax: +91-79-23268506 Website : www.gspcgroup.com E-mail: investors.gspl@gspc.in

Pursuant to Regulation 47 (1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Thursday, the 6th August, 2020, inter-alia, to consider and take on record the Un-audited Financial Results (*Standalone & Consolidated*) of the Company for the Quarter ended on 30th June, 2020.
The said intimation is also available on the Company's website viz. www.gspcgroup.com and may also be available on the website of Stock Exchanges at www.bseindia.com and at www.nseindia.com.

For Gujarat State Petronet Limited
sd/-
Rajeshwari Sharma
Company Secretary

Place : Gandhinagar
Date : 20th July, 2020

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૬ કેસ નોંધાયા

**ગાંધીનગર તાલુકામાં ૮, કલોલમાં ૬, દહેગામ-માણસામાંથી એક-એક કેસ**

**રેતી-કપચીના વેપારી તેમજ કર્મયોગી ભવનના ઈજનેર કોરોનામાં સપડાયા**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૧૬ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આજે નોંધાયેલા કેસોમાં ગાંધીનગર તાલુકામાંથી ૮, કલોલમાંથી ૬ તેમજ દહેગામ-માણસામાંથી એક-એક કેસ મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરના શાહપુરમાંથી એક ૨૮ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવતીના પતિ અગાઉ સંક્રમિત થયા હતા અને તેમનાથી આ યુવતી પણ સંક્રમિત થઈ હોવાનું જાણવા મળેલ છે.

કોબામાં એક રેતી-કપચીનો વેપાર કરતા ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

હોટસ્પોટ ગણાતા કુડાસણમાંથી આજે બે કેસ કોરોનાના મળી આવ્યા છે. જેમાં ૫૧ વર્ષીય પુરૂષ જે રાજ્યના આરોગ્ય કમિશનરની કચેરીમાં ફરજો બજાવો છે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૩૭ વર્ષીય યુવક જે ઈફકોમાં નોકરી કરે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સરગાસણ ગામેથી એક ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

મોટા-ચિલોડા ખાતેથી પણ આજે ૨ કેસ મળ્યા છે. જેમાં એક કર્મયોગી ભવનમાં ઈજનેર તરીકે સેવાઓ આપતા ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત શક્તિ કોમ્પલેક્ષમાં રહેતા એક ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

દહેગામ તાલુકાના લક્ષ્મીપુરા કંપા ખાતેથી એક ૩૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે.

માણસા તાલુકાના આજોલ ગામેથી એક પાંચ વર્ષની બાળકીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકાના નારદીપુર ગામેથી આજે વધુ એક કેસ મળી આવેલ છે. આ ૪૫ વર્ષીય યુવાન વ્યવસાય સાથે સંકળાયેલો હોવાનું

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતના સદસ્યા રેખાબેન પટેલનું અવસાન

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતના ભાજપાના સદસ્યા શ્રીમતિ રેખાબેન હિતેન્દ્રભાઈ પટેલનું આજે મોડી સાંજે ટુંકી માંદગી બાદ દુઃખદ અવસાન થયુ છે.

તેમના દુઃખદ અવસાનના સમાચાર નારદીપુર અને કલોલ તાલુકામાં વાયુવેગે પ્રસરતાં જ શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. તેઓ પેટા-ચૂંટણીમાં વિજયી થઈ જિલ્લા પંચાયતમાં ચૂંટાઈ આવ્યા હતા. અત્યંત મિલનસાર અને સાલસ સ્વભાવથી સૌમાં તે લોકપ્રિય બન્યા હતા. તેમની અંતિમ યાત્રા મંગળવારે સવારે કલોલ ખાતેના તેમના નિવાસસ્થાનેથી નીકળશે.

# શહેરમાં વધુ ૮ કેસ નોંધાયા

**કડી કેમ્પસના ડાયરેક્ટર પણ કોરોનાની ઝપટમાં આવ્યા**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૮ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૩૬૯ પર પહોંચી છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ કેસો મોટી વય ધરાવતા દર્દીઓના છે. શહેરમાં કેસોની સંખ્યા વધી રહી છે તેથી તંત્રની ચિંતા જરૂર વધી છે પરંતુ સામે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત પણ છે.

**આજના તમામ કેસના દર્દીઓ વડીલો : પાંચને ગાંધીનગર સિવિલમાં તો ૩ ને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા : સેક્ટર-૩૦માંથી બે કેસ મળ્યા : સે. ૨૪, ૩-ડી, ૩, ૫-સી, સે. ૨૮ અને ૬-સી તેમજ સેક્ટર-૧૩માંથી આ કેસો મળી આવ્યા**

શહેરમાં આજે જે ૮ કેસ નોંધાયા છે તે સેક્ટર-૨૪, સે. ૩-ડી, સે. ૩, સે. ૫-સી, સે. ૨૮, સે. ૩૦, સે. ૬-સી અને સે. ૧૩ માં છે. આજે નોંધાયેલા દર્દીઓમાંથી ૩ ને ખાનગી હોસ્પિટલમાં તો ૫ દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૨૪ ના આદર્શનગરમાંથી એક ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. દર્દીના પરિવારના પાંચ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

શહેરમાં સૌથી મોટા શૈક્ષણિક સંકુલ કડી કેમ્પસના ડાયરેક્ટરનો રિપોર્ટ આજે પોઝીટીવ આવ્યો છે. આ સમાચારથી શહેરના શિક્ષણજગતમાં ચિંતાનું મોજુ પ્રસરી જવા પામેલ છે.

સે. ૨૮ માં રહેતા આ કેમ્પસ ડાયરેક્ટરને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. તેમના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સેક્ટર-૩૦ માંથી એક ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને પણ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. તેમના પરિવારના બે સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૫-સી માંથી એક ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સેક્ટર-૩ માંથી એક ૬૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને પણ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. તેમના પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સેક્ટર-૩૦ માંથી આજે બીજો કેસ પણ મળ્યો હતો. જેમાં ૭૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૬ માંથી એક ૬૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે કાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તેણીનીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૧૩-એ માંથી પણ એક ૬૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આજે તમામ દર્દીઓ ૬૦ થી વધુ વયના મળતાં તંત્ર ચિંતીત બન્યુ છે. તેમાં પણ બે મહિલા દર્દીઓ તેઓ કેવી રીતે સંક્રમિત થયા તેને લઈ તંત્રએ તપાસ હાથ ધરી છે.

તંત્રએ વડીલ નગરજનોને શક્ય હોય ત્યાં સુધી ઘરની બહાર ન જવા માટે અપીલ કરી છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com